EDII

Divyabhaskar (Citybhaskar)

June 26, 2019
Page No. 11

# ઈડીઆઈઆઈ 600 યુવાનોને સ્ટાર્ટઅપ માટેની તાલીમ આપશે

## એક મહિનાના પ્રોગ્રામમાં 25 યુવાનોને તાલીમ અપાઈ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા અનુસુચિત જાતિના યુવાનો માટેનો પ્રથમ ઉદ્યોગસાહસિક તાલીમ કાર્યક્રમનું સફળતા પૂર્વક 25મીએ સમાપન કરવામાં આવ્યું. અનુસૂચિત જાતિ કલ્યાણ અને અધિકારિતા વિભાગ અમદાવાદ અને ગુજરાત સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમમાં ૬૦૦ નવયુવાનોને સ્વરોજગાર માટે તૈયાર કરવામાં આવ્યા હતા.




એક મહિનાની તાલીમ દરમિયાન 24 નવસાહસિકોને ઉદ્યોગની પસંદગી, બિઝનેસ પ્લાન, માર્કેટિંગ, ફાઈનાન્સ મેનેજમેન્ટ તથા સરકારશ્રી તરફથી મળતાં સહાય અંગે તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં સેનેટરી નેપ્કિન્સ, સ્લીપર મેકિંગ, જ્વેલરી મેકિંગ, ઓક્સિજન બાર, રેડિમેડ કપડાં, બોન્ઝાઇ પ્લાન્ટ મેકિંગ, અમુલ પાર્લર વગેરે જેવા વ્યવસાય શરૂ કરવા માટે તાલીમાર્થીઓએ તાલિમ મેળવી હતી. ઈડીઆઈઆઈ ગુજરાતના અલગ-અલગ સેન્ટરો મારફતે આદિવાસી જાતિના 600 યુવાનોને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપવાનો ટાર્ગેટ ગુજરાત સરકાર સાથે મળીને સેટ કર્યો છે. જેના પર હાલ કામ શરૂ કરાયું છે.